જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૬/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૫૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૬૭	૪	૧૧૫૭૧	૧૭૬૮૦	3	૧૭૬૮૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૬	૦	૪૭૨૬	૬૨૬૧	૦	૬૨૬૧
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૪	૧	૯૫	૩૩૨	૮	૩૪૦
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૦૩૦૧	૨૨૫	૬૦૫૨૬	૬૦૮૬૩	૨૪૩	૬૧૧૦૬
કુલ		૭૬૬૮૮	૨૩૦	૭૬૯૧૮	૮૫૧૩૬	૨૫૪	૮૫૩૯૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૦	૨,૫૮,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૪૪	૧૮,૪૪,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઈસનપુર પોલીસ સ્ટેશન

વેજલપુર પોલીસ સ્ટેશનનો રીક્ષા ચોરીનો ગુનો ડિટેક્ટ કરી એક આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન હેઠલ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જે.લકુમનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૨૪/૦૬/૨૦૨૧ ના કલાક ૦૪/૩૦ વાગે ચંડોળા પાળ ઇન્દીરાનગર પાસેથી અ.હે.કો કુલદિપસિહ હરૂભા તથા અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ તથા લોકરક્ષક રોહીતસિહ નટુભા નાઓની સયુક્ત બાતમીથી આરોપી મુસ્તાક હમીદભાઇ શેખ ઉ.વ ૩૬ રહે,સંકલીતનગરના કાચા છાપરા બી-વોર્ડ જુહાપુરા વેજલપુર અમદાવાદ શહેરનાને સી.એન.જી રીક્ષા નં જી.જે-૦૧ બી.એક્સ-૧૮૨૨ એ.નં AEMBPK52624 તથા ચેચીસ નંબર MD2AA24ZZR--18384 જેની કિંમત રૂપિયા ૫૦,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી વેજલપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૮૨૧૧૦૬૦/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે. તા.૨૭/૦૬/૨૦૨૧

પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પી.સી.બી. : (૧)

“રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ રહેણાક મકાનમાથી વિદેશી દારૂની બોટલો/ટીન બીયર નંગ- ૫૮ કિમત રૂપિયા ૩૨,૦૧૦/- સાથે કુલ રૂપિયા ૩૭,૦૧૦/- ના મુદામાલ સાથે એક આરોપીઓને ઝડપી પાડતી પી.સી.બી.”

મે.ડી.જી.પી.શ્રી ગુ.રા. તરફથી આપવામા આવેલ પ્રોહી/જુગાર ડ્રાઈવ અનુસંધાને મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સુચના આપેલ જે અનુસંધાને પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૨૭.૬.૨૦૨૧ ના રોજ સ્ટાફના અહેકો જામસિહ રણુભા, અહેકો ચેતનસિહ નટવરસિહ, અહેકો કૃષ્ણરાજસિહ હનુભા, અહેકો મહેન્દ્ર વાસુદેવ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો જામસિહ રણુભા નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે આરોપી અમીત ભીખાભાઈ પટેલ ના રહેણાક મકાન નંબર ડી/૧૦૨ અક્ષરધામ હાઈટસ યુનાઈટેડ સ્કુલની સામે રીલાયન્સ પેટ્રોલ પંપની પાછળ વસ્ત્રાલ અમદાવાદ ખાતે થી પંચો સાથે રેઈડ કરી ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૪૬ કિ.રૂ.૩૦,૫૭૦/ તથા ટીન બીયર નંગ ૧૨ કિ.રૂ.૧૪૪૦/ તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૩૭,૦૧૦/-ના મુદામાલ સાથે એક આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી રામોલ પો.સ્ટે.ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૨૪૨૧૧૨૯૩.૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપી :

અમીત ભીખાભાઈ પટેલ રહે. મકાન નંબર ડી/૧૦૨ અક્ષરધામ હાઈટસ યુનાઈટેડ સ્કુલની સામે રીલાયન્સ પેટ્રોલ પંપની પાછળ વસ્ત્રાલ અમદાવાદ

વોંટેડ આરોપીઓ:

(૧) રાજવીર રહે.ગામ-પુનાવાડા, તા.ડીટવાડા, જી.મહીસાગર

ગુનાની જગ્યા : પકડાયેલ આરોપીના રહેણાક મકાન ડી/૧૦૨ અક્ષરધામ હાઈટસ યુનાઈટેડ સ્કુલની સામે રીલાયન્સ પેટ્રોલ પંપની પાછળ વસ્ત્રાલ અમદાવાદ ખાતેથી

પકડાયેલ મુદામાલ : (૧) ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૪૬ કિ.રૂ.૩૦,૫૭૦/ (૨) ટીન બીયર નંગ ૧૨ કિ.રૂ.૧૪૪૦/ (૩) મોબાઈલ ફોન નંગ ૧ કિ.રૂ.૫૦૦૦/ મળી કુલ્લે કિ.રૂ.૩૭,૦૧૦/- નો મુદામાલ



પી.સી.બી. : (૨)

"સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમા ટાટા સુમો ગાડીમાથી વિદેશી દારુની બોટલો નંગ- ૩૭૮ કિ.રુ.૧,૧૪,૧૫૬/ સાથે કુલ્લે રુપિયા ૬,૨૪,૧૫૬/- ના મુદામાલ સાથે એક ઈસમને ઝડપી પાડતી પી.સી.બી."

મે.ડી.જી.પી.શ્રી ગુ.રા. તરફથી આપવામા આવેલ પ્રોહી/જુગાર ડ્રાઈવ અનુસંધાને મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સુચના આપેલ જે અનુસંધાને પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૨૮.૬.૨૦૨૧ ના રોજ સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ, અહેકો ચેતનસિહ નટવરસિહ, અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ, અહેકો શૈલેષ દેવાભાઈ, અહેકો કૃષ્ણરાજસિહ હનુભા વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મુકેશભાઈ રામાભાઈ તથા અહેકો શૈલેષ દેવાભાઈ નાઓને સંયુક્તરીતે મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે અમ્રુતબાગ પાર્ટી પ્લોટ પાસે, આંબલી રોડ, અમદાવાદ ખાતે જાહેર રોડ ઉપરથી તથા સંકલ્પ ગ્રેસ-૨ ગ્રેસ-૨ પાસે, મહંમદપુરા ગામ રોડ ખાતેથી ટાટા સુમો ગાડી નં. GJ-01-KE-6514 નો પીછો કરી સદર ગાડીમાથી ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ નંગ-૩૭૮ કિંમત રૂ.૧,૧૪,૧૫૬/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૬,૫૪,૧૫૬/- મુદામાલ સાથે એક આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી સરખેજ પો.સ્ટે.ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૪૮૨૧૧૩૭૦/૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(૧)(બી) ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

વોંટેડ આરોપીઓ:

(૧) કાલુ નામનો માણસ મુળ રહે. રાજસ્થાન


(૨) વોન્ટેડ: કાલુનો સાગરીત

ગુનાની જગ્યા : અમ્રુતબાગ પાર્ટી પ્લોટ પાસે, આંબલી રોડ, અમદાવાદ ખાતે જાહેર રોડ ઉપરથી તથા સંકલ્પ ગ્રેસ-૨ ગ્રેસ-૨ પાસે, મહંમદપુરા ગામ રોડ

પકડાયેલ મુદામાલ :(૧) વિદેશી દારૂની બોટલ નંગ-૩૭૮ કિંમત રૂ.૧,૧૪,૧૫૬/-(૨) મોબાઇલ ફોન નંગ-૧ કિંમત રૂ.૧૦,૦૦૦/ (૩) ટાટા સુમો ગાડી નં.GJ-01-KE-6514 કિંમત રૂ.૫,૦૦,૦૦૦/મળી કુલ કિંમત રૂ. ૬,૨૪,૧૫૬/- ની મત્તાના મુદામાલ

પકડાયેલ આરોપી :

(૧) જીતેન્દ્રકુમાર ગોતાજી ઠાકોર ઉ.વ.૩૫, રહે. મકરબાના છાપરા, હીરારૂપા હોલની પાછળ, અશોક વાટીકા બસ સ્ટોપ, આંબલી રોડ, મહંમદપુરા, અમદાવાદ શહેર તથા મુળ ગામ. ચલોડા, બારૈયા વાસ, તા. ધોળકા, જી. અમદાવાદ.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૬૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૮ કેસ કરી, ૭૧ વ્યક્તિઓને ઝડપી, ૪૦૫ લીટર દેશી દારૂ, ૬૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ, ૧ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૨ કેસ કરી ૫૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૨,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૬૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૧૬૨/૨૦૨૧**

કૃષ્ણનગરઃ જીગ્નેશ અશોકભાઇ મેંદપરા (ઉ.વ.૩૮) (રહે. યોગેશ્વર પાર્ક ટેનામેન્ટ અભિલાષા સ્કાય સામે ગોપાલ ચોક પાસે નવા નરોડા) તા.૨૭/૦૬/૨૦૨૧ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે નિકોલ આર્યમાન ફલેટ શ્રીધર બંગલોઝના દરવાજા આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સફેદ રંગના એકટીવા નંબર જીજે ૨૭ એ.એફ. ૨૨૪૧ ઉપર આવેલ બે પુરૂષ જીગ્નેશ મેંદપરાના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જીગ્નેશ મેંદપરાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહિલ ચલાવે છે.

વાસણાઃ પુર્વાબહેન વા/ઓ સિદ્ધાર્થ ભટ્ટ (ઉ.વ.૨૫) (રહે. સુરગોવિંદ બંગલો પ્રજાપતિ ગાર્ડન પાસે વાસણા) તા.૨૭/૦૬/૨૦૨૧ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે વાસણા તુલસી પાર્ટી પ્લોટ આગળ ઉમા સુદ ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ પુર્વાબહેન ભટ્ટના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પુર્વાબહેન ભટ્ટ એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.પરમાર ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૧૬૩/૨૦૨૧**

વાસણાઃ કમલેશભાઇ લક્ષ્મણભાઇ વાળા (ઉ.વ.૪૨) (રહે. પશાભાની ચાલી ગુપ્તાનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૬/૨૦૨૧ સાજના ૫/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લાકડાની વળી સાથે કપડું બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.પરમાર ચલાવે છે.

મેઘાણીનગરઃ મુન્નાભાઇ પુથ્થુલાલ બઘેલ (ઉ.વ.૪૮) (રહે.રસાલસીગની ચાલી ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૬/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૧ કલાક ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જ્યંતીલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી